| | |
|---|---|
| રજુ તારીખ | ૧૦–૦૨–૨૦૨૫ |
| દાખલ તારીખ | ૧૦–૦૨–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૦૮–૦૩–૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ :૦૦ માસઃ ૦૦ દિનઃ૨૬ |

**મે. મજુર અદાલત, અમદાવાદ ના પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી કે.એન. સરવૈયા સાહેબ સમક્ષ**

રીકવરી ૩૩સી (૧) અરજી નં. ૨૭/૨૦૨૫

આંક–૦૬

**અરજદાર** : **રણછોડભાઈ જેસીંગભાઈ ભોઈ**
રહે. ઈન્દિરાનગર ગામ, કરોલી, તા. દહેગામ,
જી. ગાંધીનગર ૩૮૨૩૦૫

: વિરૂધ્ધ :

**સામાવાળા** : **૧. મેનેજર શ્રી**
**મીનલ ઈન્ડસ્ટ્રીઝ**
સી–૧/૧૧૧૩/૮, ફેઝ–૪, જી.આઈ.ડી.સી.
નરોડા પારલે બિસ્કીટ પાસે, નરોડા, અમદાવાદ

હાજર રહયા : અરજદાર તરફે : વિ. વ. શ્રી એમ.એલ.પરમાર
સામાવાળા તરફે : વિ. વ. શ્રી એચ.આર.રાવલ

**–:: ચુકાદો ::**

**૧.** આ કામના અરજદારે હાલની આઈ.ડી. એકટ–૩૩(સી)(૧) મુજબની અરજી કરી સામાવાળા ધ્વારા છુટા કરતાં રેફરન્સ (ટી) નં. ૬૯૯/૨૦૧૪ દાખલ કરેલ અને જેમાં મહેરબાન મજુર અદાલત ધ્વારા તા. ૧૧/૧૦/૨૦૨૪ ના અરજદારનો રેફરન્સ કેસ અંશતઃ મંજુર કરવાનો હુકમ કરી અરજદાર ને સામાવાળા સંસ્થાએ લમસમ વળતરની રકમ રૂા. ૧,૨૫,૦૦૦/– તથા એવોર્ડ પ્રસિધ્ધ થયા તારીખથી ૯ ટકા વ્યાજ સહિત ચુકવી આપે તેમજ અરજીનો ખર્ચ રૂા. ૩,૦૦૦/– અપાવવાનું ઠરાવેલ છે. સદરહુ અરજી દાખલ થતા સામાવાળાઓને આંક ૨ થી નોટીસ ઈસ્યુ કરેલ અને આંક – ૩ થી સામાવાળા તરફે વકીલશ્રી હાજર થઈ, ત્યારે અરજદારે આંક – ૫ થી સમાધાન રજુ કરેલ, જે મુજબ ફુલ એન્ડ ફાઈનલ સમાધાન તરીકે રૂા. ૧,૨૮,૦૦૦/–ચુકવી આપવા સંમત થયેલ, જે સમાધાન મુજબ હાલની અરજી ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**૩.** લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯ ૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હુકમની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

સદરહુ હુકમ આજરોજ તારીખ ૦૮ મી, માહે– માર્ચ સને ૨૦૨૫ ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૦૮–૦૩–૨૦૨૫
સ્થળ : અમદાવાદ.

**(કુત્બુદીન નુરમોહંમદ સરવૈયા)**
જીજે૦૦૯૬૬
પ્રિસાઈડીગ ઓફીસર,
લેબર કોર્ટ નં.૨, અમદાવાદ.